# -: તારીખી નવાદેરાત :-

શહરે રબીઉલ અવ્વલનાં શુમારાના **"ઇફતેતાહીયાહ"** મઝમૂનમાં હમેં બોહરા યાઅની વેપાર-વહેવારમાં અને મઝહબી રવાઁદારીમાં જે કૌમ મશ્હૂરો માઅરૂફ છે તેની સિફતો કૈફીયત બયાન કીધી હતી. આ જ સિલસિલામાં દાઅવતે હાદીયાહની કિતાબોનાં સફહાતમાંથી બીજા મુગલ શહેનશાહ ગાઝી બહાદુર નસીરૂદ્દીન મોહંમદ હુમાયુંના એક ફરમાનને હરફન હરફન-લફઝન લફઝન નકલ કરવાની સઆદત હાસિલ કરીએ છીએ. આ બાદશાહના ફરમાનને શહનશાહે મુગલીયા હુમાયુંના નિહાયત વફાદાર સિપેહ સાલાર બેહરામખાને ૨૧ રબીઉલ અવ્વલ ૯૪૮ હી. માં પોતાના સફરનાં દૌરાન તરતીબ આપું હતું. આ ફરમાનના આખિરમાં ખુદ બેહરામખાનની શાહી મોહર અને તારીખ તેહરીર કરવામાં આવી છે.

***(ફારસી ઝબાનમાંથી લિસાનુદ્દાઅવતમાં તરજુમો)***

આ આઝાદીનામું, શીઆ ઈસ્માઈલી બોહરા કૌમ ની તિજારતી આઝાદી વાસ્તે મમ્લેકતે હિન્દમાં તેહરીર કરવામાં આવું. આ પુર આશૂબ ફિત્નાઅંગૈઝ ઝમાનામાં ફલકની કજ રફતારી અને સિતારાઓની ગૈરમુનાસિબ ચાલથી શહેનશાહે હિન્દએ એક દૂરો દરાઝ ઈલાકાની સફર ઈખ્તેયાર કીધી. ગરદિશે ઝમાનાથી મારવાડના બંજર રેગિસ્તાની ઈલાકાઓની સખ્તીઓ બરદાશ્ત કરવાનો ઈત્તેફાક થયો. સફરના દૌરાન અકસર લોગોથી બેવફાઈ ઝાહિર થઈ. લેકિન એક મંઝિલ પર ફિરકએ બવાહિરના એક ગિરોહને અમે જોયો કે, તિજારતથી ફારિગ થઈ અપના વતન તરફ જઈ રહ્યા હતા અને તેઓને બાદશાહ સલામતના કલીલ લશ્કરી કાફલાનાં તે જગા પર હોવાની ખબર મીલી તો બજાએ બેવફાઈ, તમામ તિજારતી કાફલાવાલાઓ જાનો દિલથી શાહી લશ્કરની મહેમાન નવાઝીમાં મસરૂફ થઈ ગયા. અપના હર મહેમાનની એ શાન અને ખુલૂસથી ખિદમતો ખાતિર કીધી કે, તમામ લશ્કરે શાહી ને દૌરાને સફરમાં આ મુજબનો આરામ નસીબ ન્હોતો થયો. જે વક્ત લશ્કરએ મંઝિલથી જાવાનો ઈરાદો કીધો તો ચંદ મોઅઝ્ઝિઝ અને ખૈરખ્વાહ તાજિરો રેહબરી અને સુહૂલતે સફર ફરાહમ કરવા પોતાનો લિબાસ તબ્દીલ કરીને ખિદમતે સુલતાન બજા લાવવા તૈયાર થયા અને લશ્કરને બા-સલામતી અને બા-અમનો સુકૂન હિન્દુસ્તાનનાં પાયએતખ્ત તક પહોંચાડી દીધું, અને ઈનાયાતો ઈકરામે ખાસના ઉમ્મીદવાર થયા. લેહાઝા સાહબે શાને સલ્તનતના ફરમાન મુજબ આ આઝાદીનામું બોહરા તાજિરોની સુહૂલત અને ઈઝહારે ખિદમત વાસ્તે અતા કરવામાં આવું કે, **"જે કોઇ પણ નામદારે સરીરે સલ્તનતે હિન્દ હોય તે બિલા તઅસ્સુબ અને બિલા અદાવત અવામ તરફથી મઝહબી રવાદારીનો અને આ ફિરકાની તિજારતી આઝાદીનો હુકમ સાદિર ફરમાવે; કેમ કે આ ફિરકો ખિદમાતે શાહી અને તિજારત સિવાય બીજો કોઇ અમર યા અમલ જાણતો નથી. જે વક્ત પણ અલ્લાહતઆલા ઝિલ્લે ઇલાહીનો ફઝલ શામિલે હાલ કરશે તો તમારી આ ખિદમતનો સિલો અને નતીજો આથી પણ બેહતરથી બેહતર થાશે."** ★

સૈયદના કાઝીયુન્નોઅમાન બિન મોહંમદ (રિ.અ.) ફરમાવે છે કે, હું જે વક્ત ઝુહૂરના પહેલા ફાતેમી ઈમામ મૌલાના મેહદી (અ.સ.) ની ખિદમતમાં આપની ખિલાફતનાં આખરી અરસામાં હાઝિર થયો તો તે વક્ત આપ મૌલા ના દિકરા ઈમામ કાઈમ (અ.સ.) ના ફઝાઈલ ઝાહિર થઈ ચુકા હતા. આપે મને તે વક્ત ઝુહૂરના તીસરા ઈમામ મૌલાના મન્સૂર (અ.સ.) ના ફઝલો કમાલની ઝિક્ર ફરમાવી. તે વક્ત મેં ઈમામ મૌ.મેહદી (અ.સ.) ને કહ્યું કે, અય અમીરૂલ મુમેનીન, એક જ વક્તમાં ત્રણ ઝુહૂરના ઈમામના દીદાર મારા વાસ્તે ફખરનો બાઈસ છે, તો ઈમામ મેહદી (અ.સ.) એ તે જ વક્ત મને રોકીને મૌલાના મોઈઝ (અ.સ.) ને પણ દેખાડા અને તે વક્ત આપ ઝોલીમાં હતા, નાના નૌનિહાલ. આપે ફરમાવું કે, **"અય નોઅમાન, આ હમારા ચોથા ઇમામ ને જોઇ લો."** આપે મઝીદ ફરમાવું કે, નબીયુલ્લાહ ઈબ્રાહીમ (અ.સ.) ના વક્તમાં એક સાથે ચાર નબી મૌજૂદ હતા અને અલ્લાહતઆલાએ ઈબ્રાહીમ ખલીલુલ્લાહને વસીયત ફરમાવી કે, **"ઇન્ની જાએલોકા લિન્નાસે ઇમામા કાલા વમિન ઝુર્રીયતી."** તરજૂમો - બેશક મેં તમને લોગોને વાસ્તે ઈમામ બનાવા છે; તો (ઈબ્રાહીમ (અ.સ.)) બોલા કે, અને મારા ફરઝંદો ? અલ્બત્તા આપ નબીના વક્તમાં જ ઈસ્માઈલ, ઈસ્હાક અને યાઅકૂબ (અ.સ.) હાઝિર હતા. તે જ મુજબ મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વક્તમાં આપના ભાઈ હારૂન વસી (અ.સ.), યૂશઅ બિન નૂન અને ફિન્હાસ બિન હારૂન (અ.સ.) હાઝિર હતા. અને આખિરમાં અંબિયાના સરદાર અને ખાતિમ તેમજ મુરસલીનનાં ફઝલો કમાલમાં બેહતર અને આઅલા, જેની શરીઅત કેયામતના દિન તક બકીયાહ છે તેમના ઝમાન મુબારકમાં આપના મદદગાર અને નાસિર મૌલાના અમીરૂલ મુમેનીન (અ.સ.) અને બેવે શહઝાદાઓ, આપના નવાસાઓ ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) એમ ચાર મુકદ્દસ હસ્તીઓ એક જ વક્તમાં હાઝિર હતી.

તારીખની કિતાબોમાં મન્કૂલ છે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ઝમાન મુબારકમાં ઈમામ હસન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.) અને કમ્સિન દિકરા મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) એક જ વક્તમાં હાઝિર હતા. કરબલાનાં મૈદાનમાં ઈમામ હુસૈન (અ.સ.) સાથે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) અને ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એમ ત્રણ અઈમ્મત હાઝિર હતા. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં ઈમામ ઈસ્માઈલ બિન મૌ.ઈમામ જાઅફર અને ઈમામ મોહંમદ બિન મૌ.ઈમામ ઈસ્માઈલ (અ.સ.) એમ ત્રણ ઈમામો હાઝિર હતા. ★

દોઆતે મુત્લકીન (આ.કુ.) ના મોઅજિઝાતે બાહેરાહ અને કરામાતે ઝાહેરાહમાંથી સૈયેદના દાઊદજી બિન અજબશાહ (ક.રૂ.) ની ઝિક્રમાં સૈયેદી ખૌજ બિન મલક સાહબ પોતાની કિતાબમાં બયાન દરજ કરે છે કે, હમેં સૈયદના સાહબને સાથે મૌલાઈ હસન ફીર શહીદ સાહબની ઝિયારત વાસ્તે ગયા હતા. લોગોએ અરઝ કીધી કે, અય મૌલા, યહાઁ પાની મીલવું ઘણું દુશ્વાર છે, યહાઁ પાનીની સખ્ત કિલ્લત છે. સૈયેદના સાહબે ફરમાવું કે, અપને ઝિયારત કરીને ફૌરન પાછા વલી જઈશું. આપના સાથે ૩૦૦ મરદ, ૧૦ ગાડી અને ૬૫ બૈલ હતા. જે વક્ત સૈયેદના ઝીયારતગાહ પર પહોંચા તે વક્ત આપે વહાઁ એક હૌઝ નો ખાડો જોયો જેમાં પાનીનો એક કતરો ન્હોતો. સૈયેદના સાહબ તે હૌઝને નઝદીક મુમેનીન સાથે ઊભા રહ્યા અને કહ્યું કે, અય મુમેનીન, આ જગાને ખોદો. અમર મુતાબિક એક હાથ ઊંડો ખાડો ખોદવામાં આવો અને તે જ વક્ત સૈયેદના સાહબની દોઆ અને આપની કરામતથી ઠંડું મીઠું પાની જારી થયું. તમામ હાઝેરીન અને હયવાન તે પાનીથી સૈરયાબ થયા, શરફયાબ થયા અને તે જ મુબારક પાનીથી જમન બનાવવામાં આવું. મકસદ મુજબ સાહબ તે જગા પરથી રવાના થયા. આ કરામતની ઝિક્ર ત્યાંના રઈસ મુફતીના કાન પર પડી અને સૈયેદના સાહબનો આ એઅજાઝ જોઈને તે ઘણા તઅજ્જુબ થયા અને કહ્યું કે, "આ હક્ક વાત છે, બેશક આ સાહબ ખુદાના વલી અને સાહબે કરામત છે." ★